# વર્ધમાન ભારતી ટ્રસ્ટ

## વઢવાણ સીટી, જી. સુરેન્દ્રનગર

આપણી સાંસ્કૃતિક ચેતનાનું એક મહત્વનું પરિબળ ભારતીય શિક્ષણ પધ્ધતિ છે અને વર્તમાન યુગમાં માનવીની અનેક જરૂરિયાતો પૈકી તે એક અનિવાર્ય જરૂરિયાત છે પરંતુ આર્થિક રીતે પછાત વિસ્તાર ગણાતા આપણા સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષણની અનિવાર્ય જરૂરિયાત સંતોષવા પ્રયત્ન કરવો તે બાબત તો એકબાજુ રહી પરંતુ તે વિશે વિચારવું પણ આર્થિક પરિસ્થિતિના કારણે અતિ કઠિન હતુ તેવા સંજોગોમાં પણ શૈક્ષણિક મૂલ્યોને ચરિતાર્થ કરવા માટે મુંબઈમાં વસતા વઢવાણના શ્રેષ્ઠિવર્ય વતનીઓનો સંપર્ક કરી વઢવાણ શહેર – જિલ્લાની સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક ચેતનાને ધબકતો રાખવાના મહત્વના હેતુ સાથે વર્ષ ૧૯૬૯ માં મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ રજીસ્ટ્રેશન નંબર F / 43 તા.૦૬.૦૩.૧૯૬૯ થી વર્ધમાન ભારતી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ છે.

આ ટ્રસ્ટ હેઠળ બાલમંદિરથી શરૂ કરીને હાઈસ્કુલ તથા વર્તમાન આધુનિક યુગને અનરૂપ ડીગ્રી / ડીપ્લોમાં એન્જિનિયરીંગ, ફાર્મસી, બી.એડ, પી.ટી.સી., કોમર્સ, પી.જી.ડી.સી.એ., બી.એસ.સી.આઈ.ટી. અને અનુસ્નાતક સુધીના વિષયોનું શિક્ષણ આપતી વિવિધ નીચે દર્શાવેલ ૧૬ શૈક્ષણિક સંસ્થાઓનું ઉત્સાહ, ધૈર્ય અને ખંતથી સમગ્ર સમાજના કલ્યાણની ભાવનાથી, સક્રિય સંચાલન કરવામાં આવી રહયુ છે તેમાં હાલ માત્ર સુરેન્દ્રનગર જિલ્લાના જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતના વિધાર્થીઓ પણ પ્રવેશ મેળવવા માટેની તેમની પસંદગીની યાદીમાં આ સંસ્થાઓને મોખરાનું સ્થાન આપે છે.

| Sr. No. | Name of Institution (Year of Establishment) |
|---|---|
| 1. | Smt. M. T. Doshi High School (1969) |
| 2. | Smt. R. T. Doshi Higher Secondary School (1972) |
| 3. | Smt. L. M. Sheth Primary School (1979) |
| 4. | Shri M. U. Sheth Girl’s High School (1983) |
| 5. | Nataliya Balmandir & Dr. Kamlaben Mahadevia Balbhavan (1989) |
| 6. | Smt. S. R. Doshi Computer Center (1989) |
| 7. | Shri M. P. Vora Commerce College (1993) |
| 8. | Smt. Maniben Kasturchand Shah Balmandir & Smt. A. N. Shah Primary School (1997) |
| 9. | Shri C.U. Shah College of Engineering & Tech. (1997) |
| 10. | Smt. K. B. Shah (Vadi Vihar) Science College (1999) |
| 11. | C. U. Shah College of Master of Computer Application (1999) |
| 12. | P.G.D.C.A. College (2002) |
| 13. | Smt. S. R. Doshi & Smt. L. N. Doshi P.T.C. College (2003) |
| 14. | Shri C. U. Shah College of Pharmacy & Research (2004) |
| 15. | Shri B.V.Shah B.Ed. College (2005) |
| 16. | C. U. Shah  Technical Institute of Diploma Studies (2006) |

ઉપરોકત સંસ્થાઓ પૈકી સી. યુ. શાહ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીની વર્ષ ૧૯૯૭ માં એ.આઈ.સી.ટી.ઈ. નવી દિલ્હીની મંજુરી થી સ્થાપના કરવામાં આવેલ છે. જેમા હાલ નીચે મુજબના ડીગ્રી અભ્યાસક્રમો ચાલે છે.

| ક્રમ | અભ્યાસક્રમ | બેઠક |
|---|---|---|
| ૧ | ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ | ૬૦ |
| ૨ | કોમ્પ્યુટર એન્જિનિયરીંગ | ૯૦ |
| ૩ | ઈનફર્મેશન ટેકનોલોજી | ૬૦ |
| ૪ | બાયોમેડીકલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરીંગ | ૬૦ |
| ૫ | મિકેનીકલ એન્જિનિયરીંગ | ૬૦ |
| ૬ | ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનીકસ એન્જિનિયરીંગ | ૬૦ |

આ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિસ્તારમાં ફકત આ ઈજનેરી કોલેજમાંજ એમ.ઈ. મિકેનીકલ એન્જિનિયરીંગ – કેડ/કેમ નામનો અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે.

હાલ સી. યુ. શાહ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, વઢવાણ ખાતે આશરે ૧૬૦૦ વિધાર્થીઓ અભ્યાસ કરે છે. દૂર–દૂરના વિસ્તારમાંથી અત્રે અભ્યાસઅર્થે આવતા વિધાર્થીઓની તકલીફને ધ્યાને લઈ આ કોલેજ દ્વારા બોયઝ હોસ્ટેલ તેમજ ગર્લ્સ હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તથા વિધાર્થીઓને શુધ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તે માટે હોસ્ટેલમાં મેસ ઉપરાંત કોલેજ કેમ્પસમાં કેન્ટીનની વ્યવસ્થા સાથે કોલેજમાં વિધાર્થીઓ માટે મીનરલ વોટરની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ વિધાર્થીઓ માટે સ્ટુડન્ટસ સ્ટોર, ઝેરોક્ષ, ફેકસ, એસ.ટી.ડી.ફોન વગેરેની સેવા ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર માટે ગૌરવવંતી વાસ્તવિકતા આ સંસ્થામાં ૨૪ કલાક ઉપલબ્ધ ઈન્ટરનેટ સુવિધાની છે. કોલેજનું સંપૂર્ણ કેમ્પસ વાઈ–ફાઈ સીસ્ટમથી જોડાયેલ હોવાથી વિધાર્થીઓ કેમ્પસના કોઈપણ ખૂણેથી તેનો ઉપયોગ કરી શકે છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં આ માત્ર એક જ કોલેજ વાઈ–ફાઈ સીસ્ટમ દ્વારા સજ્જ થયેલ કોલેજ છે.

શ્રી વર્ધમાન ભારતી ટ્રસ્ટ દ્વારા અન્ય અભ્યાસક્રમો જેવા કે એમ.સી.એ., ડીગ્રી ફામર્સી વગેરે પણ ચલાવવામાં આવે છે.

ધોરણ ૧૨નો અભ્યાસ શરૂ કર્યા પછી પણ એન્જિનિયરીંગનો ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા પરંતુ તેમાં પ્રવેશ મેળવી નહી શકનાર વિધાર્થીઓનો વિકાસ રૂંધાઈ ન જાય અને તેઓ તેમના નિર્ધારિત લક્ષ્ય સુધી પહોચી શકે તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૦૬ – ૦૭ થી ડીપ્લોમાં એન્જિનિયરીંગ કોલેજ શરૂ કરવામાં આવેલ છે.જેમાં નીચે મુજબના ડીપ્લોમાં અભ્યાસક્રમો ચાલે છે.

| ક્રમ | અભ્યાસક્રમ | બેઠક |
|---|---|---|
| ૧ | ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ | ૬૦ |
| ૨ | કોમ્પ્યુટર એન્જિનિયરીંગ | ૬૦ |
| ૫ | મિકેનીકલ એન્જિનિયરીંગ | ૬૦ |
| ૬ | ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગ | ૬૦ |

આ ટ્રસ્ટની ઉપરોકત તમામ સંસ્થાઓનું વાર્ષિક પરિણામ આશરે ૯૦ % થી ૯૭% આવે છે. શ્રી વર્ધમાન ભારતી ટ્રસ્ટના ઉપરોકત તમામ સંકુલો અલગ–અલગ જગ્યાએ કુલ આશરે ૩૦ એકરમાં પથરાયેલા છે. તેમજ આ ટ્રસ્ટ દ્વારા વિધાર્થીઓની ઉજજવળ કારકીર્દી તેમજ વર્તમાન યુગ મુજબ શૈક્ષણિક જરૂરીયાતોને ઘ્યાને લઈ વિધાર્થીઓને પુરતી સગવડો મળી રહે તે માટે અત્યાર સુધીમા આશરે ૩૦ કરોડ રૂપિયા ઉપરાંતનો ખર્ચ કરેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વિધાર્થીઓને શિક્ષણની વિશેષ બધી સગવડ મળી રહે તે માટે ટ્રસ્ટ સતત પ્રયત્નશીલ છે.

નજીકના ભવિષ્યમાંજ એમ.બી.એ. કોર્ષ શરૂ કરવા માટે ટ્રસ્ટ પ્રયત્નશીલ છે.

વિધાર્થીઓ પોતાનો અભ્યાસ પુરો કરે તે પહેલાજ તેઓને રોજગારી મળી રહે તે માટે સંસ્થા દ્વારા જ રોજગાર સેલની રચના કરવામાં આવેલ છે. આ રોજગાર સેલ દ્વારા વિવિધ ખ્યાતનામ કંપનીઓ જેવી કે રિલાયન્સ, ઈન્ફોસીસ, સત્યમ, વીપ્રો, પટ્ણી અને એસ્સાર જેવી અસખ્ય કંપનીઓને કોલેજ કેમ્પસમાં જ આમત્રણ આપી વિધાર્થીઓને ઉચ્ચતમ દરજજાની અને તેને અનુરૂપ પગાર ધોરણ વાળી નોકરી મેળવી આપે છે.

આ ટ્રસ્ટની એન્જિનિયરીંગ / એમ.સી.એ.કોર્ષમાં પ્રવેશ મેળવ્યા બાદ તેની અભ્યાસક્રમની ફી ભરનાર મા/બાપ કે વાલીનું અકસ્માતમાં અવસાન થાય તેવા સંજોગોમાં પણ વિધાર્થીઓનો અભ્યાસ ફી વગર અટકે નહી અને તેનું શિક્ષણ સતત ચાલુ રાખી મનોવાંછિત કારકિર્દી ઘડી શકે તે મહત્વનો હેતુ ઘ્યાને લઈ કોલેજ મેનેજમેન્ટ દ્વારા વર્ષ ૨૦૦૬–૦૭ થી "આર્મત્ય શિક્ષા યોજના પોલીસી" દાખલ કરવામાં આવેલ છે. જેનું ૧૦૦% પ્રિમીયમ મેનેજમેન્ટ દ્વારા ભરવામાં આવે છે. આ પ્રકારના આકસ્મીક બનાવમાં વિધાર્થીઓના તેના અભ્યાસક્રમની ભરવાની થતી બાકીના વર્ષની ફી વિમા કંપની દ્વારા ચૂકવી આપવામાં આવે છે.

- આ યોજનામાં વર્ષ ૨૦૦૬–૦૭ માં ૧૦૭૬ વિધાર્થીઓએ લાભ લીધેલ હતો.
- આ યોજનામાં વર્ષ ૨૦૦૭–૦૮ માં ૧૧૦૩ વિધાર્થીઓએ લાભ લીધેલ હતો.
- વર્ષ ૨૦૦૬–૦૭ માં I.T. ના અભ્યાસક્રમમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતા શ્રી સીપાઈ રિઝવાન નામના વિધાર્થીના વાલીનું માર્ગ અકસ્માતમાં અવસાન થતા તે વિધાર્થીની તેના એન્જિનિયરીંગના અભ્યાસક્રમની બાકીના વર્ષની ફી રૂા. એક લાખ ચૂકવવામાં આવેલ છે.

આમ વર્તમાન યુગને અનુલક્ષીને સંસ્થા દ્વારા જ વિધાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી તેમની રોજગારીની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા જ કરી વાસ્તવમાં આ ટ્રસ્ટ વિધાર્થીઓના જીવન – ઘડતર માટે તન મન ધન થી સહયોગ આપી શિક્ષણ પરત્વેની પોતાની સમર્પીત ભાવનાને ચરિતાર્થ કરે છે.